# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 22-01-2025 Day: Wednesday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## બેટી બચાવો, બેટી પઢાઓની 10 મી વર્ષગાંઠની ઉજવણી

**મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા રાજ્ય સહિત દેશભરમાં 'બેટી બચાઓ, બેટી પઢાઓ' યોજનાની 10મી વર્ષગાંઠની ઉજવણી કરવામાં આવી રહી છે. આ ઉજવણી અંતર્ગત રાજ્ય અને જિલ્લા સ્તરે આજથી 8 માર્ચ સુધી વિશેષ કાર્યક્રમો યોજાવાનો આરંભ થયો છે.. આ પ્રવૃત્તિઓમાં રેલીઓ, સાંસ્કૃતિક કાર્યક્રમો, સન્માન સમારંભો અને સંકલ્પ, મહિલા સશક્તિકરણ માટે કેન્દ્ર, શાળાની વિદ્યાર્થિનીઓ, સફળ મહિલાઓ અને સામુદાયિક જૂથો સહિત વિવિધ હિતધારકોને જોડવામાં આવી રહ્યાં છે.**

**ઉલ્લેખનીય છે કે, દીકરીઓના રક્ષણ, શિક્ષણ અને સશક્તિકરણ માટે એક દાયકાનાં સતત પ્રયાસોની સફળતા પ્રસંગે આજે નવી દિલ્હીમાં આયોજિત કાર્યક્રમમાં સશસ્ત્ર દળો, અર્ધ-લશ્કરી દળો, દિલ્હી પોલીસ, વિદ્યાર્થિનીઓ અને આંગણવાડી કાર્યકરો ભાગ લઇ રહી છે.**

**-------------------------------------------------------------------------------------**

## ગુજરાત વિધાનસભા બજેટ સત્ર

**પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે ગુજરાત વિધાનસભાના છઠ્ઠા સત્ર વિશે માહિતી આપતા જણાવ્યું હતું કે, આગામી 19 ફેબ્રુઆરીથી ગુજરાત વિધાનસભાનું બજેટ સત્ર મળશે. 19 ફેબ્રુઆરીથી શરૂ થનાર બજેટ સત્ર 28 માર્ચ સુધી ચાલશે. જેમા કુલ 27 બેઠકો મળશે. 26 દિવસ ચાલનારા બજેટ સત્રની રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના સંબોધનથી શરૂઆત થશે. નાણા મંત્રી કનુભાઈ દેસાઈ સત્રના બીજા દિવસ 20મી ફેબ્રુઆરીએ રાજ્યનું વર્ષ 2025-26નું બજેટ રજૂ**

કરશે. આ સત્રમાં સરકારી વિધેયકો, બિન સરકારી વિધેયકો, વિનિયોગ વિધેયક રજૂ થશે. આ ઉપરાંત માંગણીઓ અને પૂરક માંગણીઓ પર ચર્ચા કરવામાં આવશે.

---------------------------------------------------------------------------------

## રાજ્યપાલ-વૈદિક ગુરૂકુળનું ખાતમુહૂર્ત

વૈદિક ગુરૂકુળમાંથી ભારતીય જીવનમૂલ્યો ધરાવતા સંસ્કારવાન વિદ્યાર્થીઓ તૈયાર થશે અને સમાજને પ્રેરણા આપશે તેમ રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે ચાંદ્રાણી ખાતે આજે યોજાયેલા કાર્યક્રમમાં જણાવ્યું હતું. સ્વામિનારાયણ મંદીર, ભુજ સંસ્થાપિત તથા રાપર મંદિર સંચાલિત સ્વામિનારાયણ વૈદિક ગુરૂકુળના શિલાન્યાસ અને ખાતમુહૂર્ત વિધિમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રત ઉપસ્થિત રહ્યા હતા. તેમણે આ પ્રસંગે જણાવ્યું કે આ ગુરૂકુળ વૈદિક સંસ્કૃતિ, સિદ્ધાંતો અને જીવનમૂલ્યોના ઘડતરનું મહત્વનું કેન્દ્ર બની રહેશે. સંસ્કૃતિના મુખ્ય આધાર જ વેદો છે અને તેના લીધે જ વેદોનું શિક્ષણ જરૂરી છે. વૈદિક ગુરૂકુળોને દેશની મહત્વની સંપદા ગણાવીને ચાંદ્રાણી વૈદિક ગુરૂકુળ શ્રેષ્ઠ નાગરિકોના નિર્માણમાં ઉપયોગી બનશે એવો રાજ્યપાલશ્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. ચાંદ્રાણી ખાતે પધારેલા માનનીય  રાજ્યપાલશ્રીનું ગાર્ડ ઓફ ઓનરથી સ્વાગત કરવામાં આવ્યું હતું.

---------------------------------------------------------------------------------

## જલશક્તિ મંત્રાલય દ્વારા વેરસલપર ગામની પાણી સમિતિની પસંદગી

કેન્દ્ર સરકારના જલ શક્તિ મંત્રાલય દ્વારા પાણીના ક્ષેત્રમાં શ્રેષ્ઠ કામગીરી કરનાર ગામોની પાણી સમિતિના સભ્યો પૈકી વેરસલપર ગામની પસંદગી કરવામાં આવી છે. મંત્રાલય દ્વારા આગામી 26મી જાન્યુઆરીએ યોજાનારા રાષ્ટ્રીય કાર્યક્રમમાં ખાસ મહેમાન તરીકે ઉપસ્થિત રહેવા વેસલપર ગામના સરપંચ રવિલાલ વાલાણી તથા નીતાબેન વાલાણીને આમંત્રણ પાઠવાયું છે.  સરપંચ રવિલાલ વાલાણીએ આ તકે જણાવ્યું હતું કે ગામમાં 100 ટકા ઘરોમાં નળ જોડાણ અને ગટરની વ્યવસ્થા છે. ગામમાં તળાવમાં રીચાર્જ બોર, ગંદા પાણીના શુધ્ધિકરણ માટેનો પ્લાન્ટ,  24 કલાક પાણી વિતરણ વ્યવસ્થા અહીં છે.  50 ટકા મહિલા સભ્યો

ધરાવતી પાણી સમિતિનું પણ અહીં ગઠન કરાયું છે. શ્રેષ્ઠ કામગીરી બદલ વેરસલપર ગામના સરપંચને દિલ્હીમાં ખાસ મહેમાન તરીકે નિમંત્રણ મળતા કચ્છ માટે ગૌરવની બાબત છે.

---

## શહીદ દિને મૌન

સ્વાતંત્ર્ય સંગ્રામમાં પોતાના પ્રાણનું બલિદાન આપ્યું છે, તેવા શહીદ વીરોની સ્મૃતિમાં તારીખ ૩૦મી જાન્યુઆરી શહીદ દિને કચ્છ સહિત રાજ્યમાં બે મિનિટ મૌન પાળવામાં આવશે. સવારે 10 કલાક અને 59 મીનિટથી 11 કલાક સુધી સાયરન વગાડી મૌન પાળવા સૂચના અપાશે અને સાયરન બંધ થાય કે તુરંત સૌ પોતાની જગ્યાએ શાંત ઉભા રહી બે મિનિટ મૌન પાળશે. શહીદવીરો પ્રત્યે ઋણ અદા કરવાના આ અવસરને ગૌરવશાળી બનાવવામાં સહયોગ આપવા રાજ્યના સામાન્ય વહીવટ વિભાગ દ્વારા સૌને અનુરોધ કરાયો છે.

---

## પોસ્ટપેઇડ સ્માર્ટ મીટર લગાવવાનો પ્રારંભ

રાજ્યના અલગ અલગ વિસ્તારોમાં પોસ્ટ પેઇડ સ્માર્ટ વીજ મીટર લગાવાઇ રહ્યા છે જેના ભાગ રૂપે જિલ્લા મથક ભુજમાં પણ આવા મીટરો લગાવવાની કામગીરીનો આરંભ કરાયો છે. ભુજ વીજ વર્તુળ કચેરી હેઠળ આવતા ગામોમાં વર્ષના અંત સુધી અંદાજે 3 લાખ 58 હજાર સ્માર્ટ મીટરો લગાવવાનો લક્ષ્યાંક રખાયો છે.

જે અંતર્ગત પહેલા ચરણમાં શહેરની સરકારી કચેરી અને શાળાઓના મળીને 2500 જેટલા વીજ જોડાણમાં પોસ્ટ પેઇડ સ્માર્ટ વીજ મીટર લગાવવામાં આવશે. અત્રે જણાવીએ કે, હવે ગ્રાહક મોબાઇલ એપના માધ્યમથી દૈનિક કેટલો વીજ વપરાશ થયો તે જાણી શકશે. આ ઉપરાંત મીટર રીડરો દ્વારા કરાતી માનવીય ભૂલોનો આવા મીટરમાં અવકાશ ન રહેતાં જેટલો વીજ વપરાશ થયો હશે તેનો જ અને સમયસર બિલ મળી રહેશે.

---